૨૦૦૯

શુર્દાપ્રભુની હિપક્ચેર.

જૈન ધર્મિઓને વાસ્તે

પંડીત વીરવિજયજી માહારાજની

બનાવેલી



અમદાવાદ.

માણેકચોક આગળ કાગદીઓળની.સામે

શા૦ હીરાભાઈ પુનમસાના મકાનમાં

"અમદાવાદ ટાઈમ્સ પ્રેસ"માં

કાળીદાસ સાંકળચંદે છાપી પ્રસિદ્ધ કરી.

સંવત ૧૯૪૦. સન ૧૮૮૪.

કિંમત રૂ૦-૨-૦

२००१

थुळिभद्रनी शीयळवेल.

दुहा.

सयल शुहंकर पासजी ॥ संखेश्वर सिरदार ॥ संखेश्वर केशव जरा ॥ हरत करत उपगार ॥ १ ॥ सरस वचन रस वरसति ॥ सरसती भगवती जेह ॥ सुभमती दायक सुभगुर ॥ प्रणमुं त्रीकरणु एह ॥ २ ॥ भद्रंकर थुलिभद्रजी ॥ साधु सकळ सीरदार ॥ ताप तपीत कंचन यथा ॥ सुर कहे दुःकरकार ॥ ३ ॥ ललित वचन पद पदनी ॥ रचशुं शियळनी वेल ॥ बाळक बाहु पसारीने ॥ जळ नीधी मान करेल ॥ ४ ॥ सुणतां सज्जन सुख लहे ॥ दुरजिन मन दोळाय ॥ पय पाने पुष्टी वधे ॥ विषधरने विष थाय ॥ ५ ॥ व्रतधारा निश्चळ हुवे ॥ भद्रकने शुभ राग ॥ वैरागी वैरागता ॥ पंडित वचनरस लाग ॥ ६ ॥ जलधर जळ वरसे भुवी ॥ इक्षु प्रमुख रस जेम ॥ चतुर विवेकी रीजसे ॥ रचशुं रचना तेम ॥ ७ ॥

ढाळ १ ली.

गोकुळ मथुरांरे वहालां ए देशी.

पाटल पुरमांहे त्यारे ॥ नव नव रस कौतक सांगुगा ॥ सुखीया प्राणीरे ज्यां ॥ राज्य करे छे श्रीनंदराजा ॥

૧ ॥ પાડલીપુરમાંરે પ્યારે ॥ આં૦ ॥ સકડાલમંત્રીરે જાણો નાગર નાતી સુજાન વખાણો ॥ કમળમુખી કંગળા અનુસરાણી ॥ સુંદર લાછલદે તસ ધરાણી ॥ ૨ પા૦ ॥ પુત્ર ભલેરારે પામે ॥ શ્રી થુળીભદ્ર સરીયો નામે ॥ પુત્રી સાતેરે મળીયાં ॥ જખ નંદન તેહને અટકળીયાં ॥ પા૦ ૩ ॥ ચતુરાઈ કુરારે કહીયે ॥ થાનક નિતી શાસ્ત્રે એમ લહીયે ॥ પંડિત સાથેરે મળતાં ॥ રાજસભા વિન વેશે ભળતાં ॥ પા૦ ૪॥ શાસ્ત્ર પઠન દેશાંતર ફરીયે ॥ રહીયે નિત વેશ્યા મંદીરાએ ॥ તો ચતુરાઈરે આવે ॥ ઈમ થુળીભદ્ર તિહાં હોસ ધ્યાવે ॥ પા૦ ૫ ॥ તાતની આણારે માગી ॥ દ્રવ્ય સહિત ચાલ્યા વડભાગી ॥ કોશ્યા દેખીરે થંભે ॥ સુભ સણગાર શરીર અચંભે ॥ પા૦ ૬ ॥

ઢાળી ૨ જી

ગોકુળની ગોવાલણી મહી વેચવા ચાલી. એ દેશી.

બાર વધુ સોહામણી રૂપે રંગે સારી ॥ સકળ સ્વરૂપ નિહાળતાં સુર સુંદરી હારી ॥ ૧ ॥ સરદ પુનમનો ચંદ્રમા મુખ દેખી હરાવે ॥ અધર અરૂણ પરવાલની પણ ઉપમ ન આવે ॥ ૨ ॥ દંત જિસ્યા ડાડમ કળી ફુલ વખણી ખરતાં ॥ નાસા ઉપમ ન સંભવે સુક ચંચુક ધરતાં ॥ ૩ ॥ લોચનથી ભ્રમ ભાગીયો સસી મંડળ પેઠા ॥ સુંદર વેણ વિલોકીને ફણીધ: ભુવી પેઠા ॥ ૪ ॥ પાણી ઝરણને જોઈ

ને જળ પંકજ વસીયાં ॥ કળસ ઉરોજને દેખીને બવર્ણો દધી પ્રસીયાં ॥ ૫ ॥ લંક કટી તટ કેસરી ગીરી કંદર જાસી ॥ મોહની મંત્ર મસ ઘડી નિધાતે જહાં વાસી ॥ ૬ ॥ દંત લાણ્યા ચુડો કીધો હઈયે મોતીનો હાર ॥ કુંજની ચલી ચાલતી ॥ ત્રણ રતન હાર ॥ ૭ ॥ એહ ભરાણાં હાથીયા નાંખે સિર છાર ॥ અબળા તે સબળા થઈ અમને ધિકાર ॥ ૮ ॥ કંચુવો કસબી કોરનો હાથે સોનાનો ચુડો ॥ મોહનગારી પ્રેમમાં રસ વાધ્યોછે રૂડો ॥ ૯ ॥ સિર તિલક વાળી રાજી સોળે શણગાર ॥ થુલિભ દ્ર તે દેખતાં મોહ્યા તેણી વાર ॥ ૧૦ ॥ હવે તે હરાણાખીચે આલીંગ્યો ધરી નેહ ॥ પીન પયોધર બાગમાં ભુલ્યો પડ્યો તેહ ॥ ૧૧ ॥ નીત નવલી ક્રીડા કરે નીત નવલા ભોગ ॥ સરસ સુભોજન અમ્રત સમાં આરોગે સુર ભોગ ॥ ૧૨ ॥ પંચ વીખય સુખ લીનમાં બાર વરસ નીગમીયા ॥ સાડી બાર ધન ક્રોડસું સુભ રંગે રમીયા ॥ ૧૩ ॥

ઢાળ ૩ જી

હો જસોદાના બાળા. એ દેશી.

કાળ ગયો નવી જાણીયોરે ॥ વેશ્યા વિલુધો તેહ ॥ છેલ ન છોડીયેરે ॥ ના રૂમા બ્રાહ્મણને સંજોગે ॥ સકડાલ મંત્રી નેહ ॥ ૧ ॥ છેલ ન છોડીયેરે ॥ આંકણી ॥ નંદનરેશ કાપીયોરે ॥ મંત્રી મરણ લહે તામ ॥ છે૦ ॥ સાંભ્રુ

સરેચા તેડાવોચેરે ॥ દિધુ મંત્રી પદ કામ ॥ છે૦ ૨ ॥
મુજ બંધવ વેસ્યા ઘરેરે ॥ રંગે રમે એક ચિત્ત ॥ છે૦ ॥
માંસ નખે જળ માંછલીરે ॥ તાસ સરીસી પ્રીત ॥ છે૦ ૩
॥ મંત્રીપણું દિયો તેહનેરે ॥ તેડાવી મહારાય ॥ છે૦ ॥
નંદ કહે સરીખા પ્રતેરે ॥ આણિ તું એણે ઠાય ॥ છે૦ ૪
॥ સીખ લહી નર રાયનીરે ॥ પોહોતો સરેચા માંહે ॥
છે૦ ॥ બંધવને પ્રણમી કહેરે ॥ તેડે નરીંદ ઉછાંહે ॥ છે૦
૫ ॥ સાંભળી કોસ્યાને કહેરે ॥ જઈ આવું એક વાર
॥ છે૦ ॥ હવે વળતું વેસ્યા કહેરે ॥ સુણ સુખ વીર કુમા
ર ॥ છે૦ ૬ ॥

ઢાળ ૪ થી

તમે વસુદેવ દેવકીના જાયાજી લાલજી લાડકડા

એ દેશી.

કોસ્યા વેસ્યા કહે રાગીજી ॥ મનોહર મન ગમતા ॥ કિ
હાં જાસ્યો પીઉ સોભાગીજી ॥ મનોહર મન ગમતા ॥
નહી જાવા દઉં નીરધારજી ॥ મ૦ ॥ આપણે સ્નેહ નૃપ દ
રબારજી ॥ મ૦ ૧ ॥ કરતી ચતુરાઈ પ્રીત ચાળોજી ॥ મ૦ ॥
જાણો મુજને દેજ્યો ચાળોજી ॥ મ૦ ॥ એવડી શી કર
વી આળોજી ॥ મ૦ ॥ એ પુરૂષને પાછો વાળોજી ॥ મ૦
૨ ॥ પ્રીતમ પ્યારા તુમ ટાળીજી ॥ મ૦ ॥ નહી કોઈ
ની હું ઓસીયાળીજી ॥ મ૦ ॥ આવશે જો અવનીનો

ધસુજી ॥ મ૦ ॥ તેહને પણ ઉત્તર દેસુજી ॥ મ૦ ૩ ॥ એમ કરતાં જો તમ હિંડોજી ॥ મ૦ ॥ તો મુજને સાથે તેડોજી ॥ મ૦ ॥ નવિ છંડુ તુમચો કેડોજી ॥ મ૦ ॥ પુરવ પ્રીતી રસ રેડોજી ॥ મ૦ ૪ ॥ વન ચરતે અમર ફળ દિઠુંજી ॥ મ૦ ॥ ચાખ્યું તાં લાગ્યું મીઠુંજી ॥ મ૦ ॥ કોઈ દેખણ તિહાં રહ માંડુજી ॥ મ૦ ॥ પંગુ તે કરથી નમિ ઝાંડુજી ॥ મ૦ ૫ ॥ તિમ તુમ સમ હીરો પાગોજી ॥ મ૦ ॥ બાછલદેવાંનો જાગોજી ॥ મ૦ ॥ તુમે મોહની મંત્રને સાધ્યોજી ॥ મ૦ ॥ તુમસુ મુજ પ્રેમ તે વાધ્યોજી ॥ મ૦ ૬ ॥ રસીયાસું હું રંગ રાતીજી ॥ મ૦ ॥ પીઉ વિરહે હાટે જાતીજી ॥ મ૦ ॥ આ ઉભી પાલવ ઝાલીજી ॥ મ૦ ॥ હું તુમને અંતર વ્હાલીજી ॥ મ૦ ૭ ॥ થુલિભદ્ર કહે હઠ મેલોજી ॥ મ૦ ॥ નૃપ બેટી આવીસ વેહેલાજી ॥ મ૦ ॥ તાહારા સગ જો હિહાં રાચુજી ॥ મ૦ ॥ સુજસ વીર વચન છે સાચુજી ॥ મ૦ ૮ ॥

ઢાળ ૫ મી.

ગોકુળની ગોપીરે ચાલી જળ ભરવા. એ દેશી.

કર જોડ કરીનેરે ચાલ્યા ગુણ ભરીયા ॥ ધરી વીનય વિવેકેરે જઈ નૃપને મળીયા. ॥ ૧ ॥ ભુપાળના મુખથીરે વાત સકળની સુંણી ॥ સંસાર સ્વરૂપનેરે ચિંતે શીર ધુંણી. ॥ ૨ ॥ જં વાત ન જાણીરે વેશ્યા ઘર રમતાં ॥ આતમ શુ

ણુ હાણીરે ભુલા ભવ ભમતાં ॥ ૩ ॥ કહે અવની સ્વા-
મીરે સી ચિંતા કીજે ॥ સકડાલને પાટેરે મંત્રીપણું લીજે ॥
૪ ॥ થુલીભદ્ર કહે તવરે આલોચી આવું ॥ આલોચે આ
ગળરે સુખ સંપદ પાવું. ॥ ૫ ॥ પરણામ કરીનેરે અશો-
કવને આવે ॥ સમતત્વ વિચારીરે લોચ કરયો ભાવે ॥ ૬ ॥
રત્ન કંબળનોરે તિહાં ઓઘો કીધો ॥ જઈ રાજ્ય સભાયેરે ધર્મ
લાભ દીધો. ॥ ૭ ॥ આલોચ્યું રાજારે મસ્તક મેં ઈહાં ॥
માહાવ્રત ઉચરવારે જઈસું ગુરૂ જિહાં. ॥ ૮ ॥ કોશ્યા ઘ
ર મુખેરે નૃપ જોવા ઉઠયો ॥ શબ્દગંધ મુની સમરે દેખી
દિલ તુઠયો ॥ ૯ ॥ થુળિભદ્ર મુનીવરરે પંથે સાર ચલી-
યા ॥ સંભુતવિજેજીરે મારગમાં મળીયા ॥ ૧૦ ॥ ગુરૂપ્ર
ણમી બોલેરે મુજને દીક્ષા દિજે ॥ વંદે સુરી સમાંનીરે તો
અનુમતી લીજે ॥ ૧૧ ॥ સરીખા કેરીરે તિહાં આણા મા
ગી ॥ આચારજ પાસેરે લીધે વ્રત વૈરાગી ॥ ૧૨ ॥ સુરી
સાથ વિહારીરે સુત નીત અભ્યાસી ॥ આતમસુ વીલા-
સીરે રહે ગુરૂ કુલવાસી. ॥ ૧૩ ॥ સંજમ શું રમતારે નિ
સદિન મુનીરાયા ॥ નહિ મોહને મમતારે રંક સમા રાયા
॥ ૧૪ ॥ ઈછાદીક દસવિધરે વળી સમાચારી ॥ ચોમાસા
ઉપરે ગુરૂ અભીગ્રહ ધારી ॥ ૧૫ ॥ કુપાંતર ભાવેરે એ
ક હરી કંદરીએ ॥ અહિબીલ થુળીભદ્રોરે વેશ્યા મંદીરી
યે ॥ ૧૬ ॥ ગુરૂ આણા વિહારીરે પાતકડાં ધુએ ॥ સુભ-
વીર વીવેકિરે વેશ્યા વાટ જુવે. ॥ ૧૭ ॥

ઢાળ ૬ ઠી

સાહેલીરે ચેનીને પ્યાલારે તારા જળે ભરયા એ દેશી.

હો સજનીરે પ્રીતમજી પ્યારો હજીય ન આવીયો ॥ હો- સજનીરે ચાતુરરે નર ખબર ન કોઈ લાવિયો ॥ હો૦ આ લ્પારે મુજ કરી અવધી ઘડી પ્યારની ॥ હો૦ સુખીયો તો સું જાણે વેદના નારની ॥ ૧ ॥ હો૦ એક વીરહ દુ ખ બિજો ઘન જળ ગડગડે ॥ હો૦ દુખીયાના સીર ઉપર દુખ આવી પડે ॥ હો૦ પાવસ માંસે જલ વરસે ઘન ઘોરીયો ॥ હો૦ માહરેરે કંદર્પ તણો વન મોરીયો ॥ ૨ ॥ હો૦ આલ્પારે૦ હો૦ સુ૦ ॥ હો૦ અંગ વીનાનો પનરે થાનક નો દહે ॥ હો૦ અંગુઠ ઘુંટોરે જંઘાએ રહે ॥ હો૦ જાનુ ને સાથળરે ભગ નાભી કરે ॥ હો૦ પંખને છાતીરે ઉરો જ ધરે ॥ ૩ ॥ હો૦ ॥ આ૦ હો૦ સુ૦ ॥ હો૦ ગળસ્થલ લોચનરે નીલાડે સીરે ॥ હો૦ વિખધર વિખ વ્યાપ્યું મ ણી મંત્રે હરે ॥ હો૦ બિખયા ઉરગી ડસે મુજ કાયા ગળી ॥ હો૦ બાઉલ દે જાયા વિણ નહી કોઈ જાંગુલો ॥ ૪ ॥ હો૦ આ૦ હો૦ સુ૦ ॥ હો૦ ચોળીને બેળારે પીઉ આવી મીળે ॥ હો૦ દોગટોયો સણગાર તો મુજને કરે ॥ હો૦ બપૈયાને વારે કિમ પીઉ પીઉ કરે ॥ હો૦ પાંખોરે છેદીને ઉપર લુણ ધરે ॥૫॥ હો૦ આ૦ હો૦ સુ૦ ॥ હો૦ પીયુ માહરો હું પીયુને પીયુ પીયુ હું કર ॥ હો૦ થડે થડે દુખડે

જગ શાખુ સવે ॥ ૬॥ હો૦ મા૦ હો૦ સુ૦ ॥ હો૦ આસાડે જળ વરસે ગાજે વીજળી ॥ હો૦ વાહાલેસર વિણ સોપારી ઉજળી ॥ હો૦ કાલાંતર સુભવીર મુનીવર આવિયા ॥ હો૦ કોસ્યાયે મુગતાફળસુરે વધાવીયા ॥૭॥ હો૦ મા૦ હો૦ સુ૦॥

ઢાળ ૭ મી.

સનેહી વીરજી જયકારીરે એ દેશી.

વેસ્યાયે વધાવ્યા સ્વામીરે ॥ ઉભી આગળ શીર નામીરે ॥ કહે સાંભળો અંતર જામી ॥ ૧ ॥ વાહાલાજીની વાટડી હુમ જોતાંરે ॥ આં૦ ॥ વિરહાનળ દાધી દેહરે ॥ ઘણા વરસ રહી હું ગેહરે ॥ પણ નાવ્યા નગીને નેહ ॥ વા૦ ૨ ॥ કાંમી સમરે નિસી ઘેરારે ॥ જીમ જળધર ઝંપે મારારે ॥ જળ ચાતુક સંઘ ચકોરા ॥ વા૦ ૩ ॥ જેઠ માસ તે જીમ તિમ કાઢચોરે ॥ મને અષાઢ તે વ્યાપ્યો ગાઢારે ॥ વળી આવ્યો તે માસ અસાઢો ॥ વા૦ ૪ ॥ પડવે દિન પીયુ સાંભરતાંરે ॥ નિસી ચાર તે ટહુકા કરતારે ॥ આઠ પહોર ગયા દુખ ભરતા ॥ વા૦ ૫ ॥ બીજે બીજીઆને નિહાળીરે ॥ હું બાળપણાની બાળીરે ॥ કહો ગુજને શું કાળી ॥ વા૦ ૬ ॥ ત્રીજે દેખલ એક જમુરે ॥ આતસાળીસે ત્રુમ રૂપ રાગ્યુરે ॥ જોતાં મનડું તિહાં લાગ્યું ॥ વા૦ ૭ ॥ ચાથે અવધી ઘડી ચારેૈ ॥ ક

રી થાલ્યા ચતુર તજી નારરે ।। દીપ ચ્યાર વરસની વાર ।।
વા૦ ૮ ।। પાંચમ પંચામૃત પાવોરે ।। પંચ ખાંણ તણા
રસ વાસ્યોરે ।। જોયો જીવન કાંયે ન આવ્યો ।। વા૦ ૯ ।।
છઠે છકડીને ઝહેલીરે ।। જુઓ ચતુર નાથ સાહેલીરે ।। હું
ધરતી દુખ અકેલીરે ।। વા૦૧૦।। સાતમે દીન સજ્યા ઢા
ળીરે ।। દીપ ધુપ કુસુમને ઢાળીરે ।। કીધુ સયન તે પાસું વા
ળી ।। વા૦ ૧૧ ।। આઠમે ઉઠી પરભાતેરે ।। સંભારચો
પીઊ વર સાતેરે ।। નિસી નાથ નડ્યો ઘણુ રાતે ।। વા૦ ૧૨ ।।
નવમે નિંદ્રા હિવ આઇરે ।। જિમ રંગ પતંગ રચાઇરે ।।
વૈરી નાગર નાવ સગાઇ ।। વા૦ ૧૩ ।। દસમે દેવલ થુ
હું માન્યારે ।। સુકનાવળીયે જોવાણારે ।। એમ કીધાં જ
ણાં ને છાના ।। વા૦ ૧૪ ।। અગ્યારસે અંગ નમાવીરે ।।
જોઇ વાટ વાતાયને આવીરે ।। મને કાંમ નડુયે નચાવી
।। વા૦ ૧૫ ।। બારસે દિન બાર ઉઘાડીરે ।। ઘેર આવી
રહી કર નાડીરે ।। સુપનાંતર પીઊડે જગાડી ।। વા૦ ૧૬।।
આજ તેરસનો દિન મીઠોરે ।। પ્રાણજીવન નયણે દીઠો ।।
આજ અમૃત રસ ઘન વુઠો ।। વા૦ ૧૭ ।। ચૌદસ દિન
ચિંતા ટળસેરે ।। હૈયડુ ઘણુ હેજે હલસેરે ।। માહારો પ્ર
મ તે વ્રમ શું મળસે ।। વા૦ ૧૮ ।। શણગાર સજી સંચર
સુંરે ।। દુરજનીયાંથી નવી ડરશુંરે ।। પુનમ દીન પુરાં તરશું
।। વા૦ ૧૯ ।। તેરથ પીઊડાનો જગાવોરે ।। નિધી આરપ કરી
કર આવોરે ।। સુખ વીર વચનરસ પું મભા ;વો ।। વા૦ ૨૦

ઢાળ ૮ મી.

સાંભળરે તું સજની મોરી રજની ક્યાં રમી આવીજીરે. એ દેશી.

રાજ પધારો મેરે મંદીર ॥ સજ્યા પાવન કીજેજીરે ॥ દાશી તુમારી અરજ કરે છે ॥ નરભવ લાહો લીજેજી રસ ભર રમીયેજીરે ॥ ૧ ॥ પુરવ નેહ નીહાળ રસભર રમીયે જીરે ॥ આંકણી ॥ સાન કરંતા સામુ જોશું ॥ તુમ આણા શીર ધરશુંજીરે ॥ કોઈ દિવશ તુમને અણગમતુ ॥ ॥ કારજ કાંઈ ન કરશું ॥ રસ૦ પુ૦ ૨ ॥ થુળીભદ્ર કહે કોશ્યાને ॥ તરૂપ પથ્ય મતિ વાણીજીરે ॥ પાણી વીના શી પાળ કરે છે ॥ ભોજન વિણુ ઉજાણી ॥ રસ૦ પુ૦ ૩ ॥ આઠ હાથ તું અળગી રહીને ॥ દીલ માહે તે કરજેજીરે ॥ નાટિક નવ નવ રંગે કરજે ॥ વળી શાણગારને ધરજે ॥ રસ૦ પુ૦ ૪ ॥ ષટરસ ભોજન તુમ ઘર વોહોરી ॥ સંજમ અર્થે ખાશુંજીરે ॥ એમ પરઠીને રહ્યા ચોમાસુ ॥ કોશ્યા કરે હવે હાંસુ ॥ રસ૦ પુ૦ ૫ ॥ વિણુ પુછયા સે જમ આચરીયું ॥ પણુ તે વ્રત નવી પળીયુંજીરે ॥ તો અમ ઘર આવ્યાછો પાછા ॥ તુમ વ્રત અમને ફળીયું ॥ રસ૦ પુ૦ ૬ ॥ બાર વરસ પ્રેમે વિલશ્યા પણ ॥ એવડો અંતર શાજીરે ॥ જોગ રંભ તજી મુજ સાથે ॥ રંગ હે તો તે શજા ॥ રસ૦ પુ૦ ૭ ॥ નીરલોભી નીરમોહી પાલ્યું

॥ સુખ કોશ્યા અમ રહીશુંજીરે ॥ ધામ વસી સુખ વીર જીનેશ્વર ॥ આણા મસ્તક વહીશું ॥ રસ૦ ગુ૦ ૮ ॥

ઢાળ ૯ મી.

તે નારી વિના સુખ ખોયું રે સુંદર સામળીયા. એ દેશી.

મેં જોગ તુમારો જાણ્યોરે પ્રીતમ પાતળીયા ॥ શી કુડી તાણા તાણ્યોરે પ્રી૦ ॥ તે જોગ તણું ફળ લેવેરે પ્રી૦ ॥ જે જોગી જંગલ સેવેરે પ્રી૦ ॥ ૧ ॥ વેશ્યા મંદીર તજી જાગરે પ્રી૦ ॥ પુરવે કુણે સાધ્યો જોગરે પ્રી૦ ॥ આ ચીત્રશાળી મન માનીરે પ્રી૦ ॥ પંચ બાણ તણી રાજધાનીરે પ્રી૦ ॥ ૨ ॥ જોતાં રઢ લાગશે તમનેરે પ્રી૦ ॥ જોગ ભલી મનાવશો અમનેરે પ્રી૦ ॥ પડવાઈ કહી લોક ગાશેરે પ્રી૦ ॥ ત્યારે જોગ તણાચો જાશેરે પ્રી૦ ॥ ૩ ॥ તે માટે વચન મુજ માનોરે પ્રી૦ ॥ હવણાં જોગ છંડો છાનોરે પ્રી૦ ॥ રમો રંગભરે તજી આંટીરે પ્રી૦ ॥ મને મોટી પ્રેમની ઘાંટીરે પ્રી૦ ॥ ૪ ॥ ચોમાસુને ચીત્રશાળીરે પ્રી૦ ॥ તુમ લાગે મળી લટકાળીરે પ્રી૦ ॥ રસ પ્રેમ હીંડોળે હીંચોરે પ્રી૦ ॥ તરણી તન સેજડી સીંચોરે પ્રી૦ ॥ ૫ ॥ ધરી પ્રેમ પીતાંબર પહેરોરે પ્રી૦ ॥ રસ દીપક ભાલો લહેરોરે પ્રી૦ મુજ બાંહે ગ્રહીને લીજેરે પ્રી૦ ॥ કરી પ્રેમ ન અંતર કીજેરે પ્રી૦ ॥ ૬ ॥ પ્રેમ પુરણ સ્યો દીલ માંડોરે પ્રી૦ મોઈ સેજો સેજડી સાંઢરે પ્રી૦ ॥ રજની મઈ સુની સજ્જા

રે પ્રી૦ ॥ આવડી કયો સીખ્યા અભ્યાસરે પ્રી૦ ॥ ૭॥ અ
ભિમાને ચઢોછો બળીયારે પ્રી૦ રામા રસ કુણ નવી ચળી
યારે પ્રી૦ ॥ ઈંદ્રાદિક જે સાધારે પ્રી૦ ॥ સપ્ખા અ
પણા ઓશીયાળારે પ્રી૦ ॥ ૮ ॥ રહી આલો મ કરજોડીરે
પ્રી૦ ॥ કોઈ કોસ્યા મોહ મચકોડીરે પ્રી૦ ॥ સુભ વીર
વચન મુની બોલેરે પ્રી૦ ॥ રૂપી રામા પટંતર તોલેરે પ્રી૦ ॥૯॥

ઢાળ ૧૦ મી.

દેવરીયા રમો રમાણી રસ મેલીને એ દેશી.

રમણીશું રંગ રસે રમતાં ॥ સાધુનું સંજમ જાય રંગીલી
રમા મારગડો મેલીને ॥ પ્રેમદા પાહરવી મુનીવરને ॥
એકાંતે કહે જીનરાય રંગીલી ॥ રમા૦ ૧ ॥ જિમ ગુણ જાય
કસ્તુરીનો ॥ જો દીજે હીંગનો વાસ રં૦ ॥ કપુર તણો ગુણ
જિમ ગળે ॥ ધરીએ જો લસણને પાસ રં૦ ॥ રમા૦ ૨ ॥
વર પંડિત ગુરખને સંગે ॥ વાયસ ટોળામાં હંસ રં૦ ॥
પાપીષ્ટ અનાચારી સંગે ॥ ધરમોષ્ટપણું કુળ વંસ રં ॥
રમા૦ ૩ ॥ અળછ અકુંગે રસાઈ તણું ॥ જાંબુ સંગે જીમ
દ્રાખ રં૦ ॥ ગળી પાસે ઉજળ વણું ઘટે ॥ બોરિ સંગે
સુખ આખ ॥ રં૦ ૪ ॥ તિમ માનની સંગે મુનીવરા ॥
સુલીભદ્ર કહે સુણ નાર ॥ રં૦ ॥ ખીણ માત્ર મહીલાસું
માને હોવે દુરગતી દુખ ભંડાર ॥ રં૦ ૫ ॥ તું વ્યાકુળતા
થઈ વિરહથી ॥ મેં વશ કીધો છે કામ ॥ રં૦ ॥ સુભ
વીર વચનની ચાતુરી ॥ કોસ્યા વેસ્યા કહે તામ ॥ રં૦ ૬ ॥

ઢાળ ૧૧ મી.

રાજ કુંભે રહ્યા રાણીકા પાતળીયાજી. એ દેશી.

કોઈ જોઈરે જોગ તણી દશા અળખામણાજી ॥ તમા નારીની નિંદ્યા વચ્યા અળખામણાજી ॥ મન ગમતાં ભુષણ લાવતા અ૦ ॥ સુંદર શણગાર ધરાવતા અ૦ ॥ ૧ ॥ કર ઝાલીને બેસારતા અ૦ ॥ કરતા વલ્લભ વારતા અ૦ ॥ વર કવલ કરી ઘૃત બોળીયા અ૦ ॥ મે તુમ મુખ માંહે મે લીધા અ૦ ॥ ૨ ॥ વળી તુમચે હાથે હું જમી અ૦ ॥ તુમ ઉછંગે રંગે રમી અ૦ ॥ હવે ઉપરાઠા તુમે થયા અ૦ તે દિવસ તુમારા કિહાં ગયા અ૦ ॥ ૩ ॥ રોષાંકર દર્શતા કીમ કહો અ૦ ॥ કાંઈ પ્રીતની વાત નથી લહો અ૦ ॥ દોય કાન સુરત એક રીતડી અ૦ ॥ દોય લોચન જેતી સમ પ્રીતડી અ૦ ॥ ૪ ॥ આળસ વિણસે સંજમ ધરી અ૦ ॥ ગુણ ગણવી ઘરે ગરવે કરી અ૦ ॥ શાકીણ દશા સુરૂપ હરે અ૦ ॥ બહુ તપ વિણસે ક્રોધજ ધરે અ૦ ॥ ૫ ॥ રજ રૈપ વિનાસે દેહને અ૦ ॥ તિમ વિરહ નસાડે સ્નેહને અ૦ ॥ જગ દાન થકી કીરતી રહે અ૦ ॥ ગુણ વિનય થકી ગુણ લહે અ૦ ॥ ૬ ॥ સતી દર્શન સાચર વધે અ૦ ॥ ઉદ્યમ કરતાં લક્ષ્મી વધે અ૦ ॥ કુળ લજ્જા રહે આચારથી અ૦ ॥ નર રાજ વધે ઘણુ મારથી અ૦ ॥ ૭ ॥ પાન થયા ગુણી પછી અ૦ ॥ કીમ પ્રેમ ૫વે દ્રષ્ટી થકી

અ૦ ॥ આ દિન વચન નારી વદે અ૦ ॥ નવી બેદકીમ ભુમચે રૂદે અ૦ ॥ ૮ ॥ નેપાર પોહુર વાતી જણે અ૦॥ પણ લોક કહે દીવો બળે અ૦ ॥ શુભ વીર ધીર મુની તા પદે ॥ અ૦ ॥ જો પાવઈને પાનો ચઢે અ૦ ॥ ૯ ॥

ઢાળ ૧૨ મી

મને ઘાલી જસોદાને છયેલ્હરિ એ દેશી.

થુળીભદ્ર કહે સુણ બાળારે ॥ તું સ્પાને કરે છે ચાળારે ॥ વીનીતાસુ ભસ વિલાસરે ॥ તે નર દુનીપાના દાસરે ॥ ૧ ॥ ચોવનીપાનો જે લટકોરે ॥ તે તો સ્પાર દીવસનો ચટકોરે ॥ પછે કાચનો સીસો ભટકયોરે ॥ કોઈ ઠામ ન આવે કટકયોરે ॥૨॥ જુગટીયાનો અલંકારરે ॥ નાટકીયાના સીણગારરે ॥ જનવંત હુઓ નીરભાગ્યરે ॥ જેહવાં સંધ્યા ઈ રાગરે ॥ ૩ ॥ કુપલ પીપલનું પાનરે ॥ કપટી નરનું ગુઝ ધ્યાનરે ॥ ભુપાળ તણું ધાણું માનરે ॥ ગજ કુંજર કેરા કાનરે ॥૪॥ ચંચળ નારીનાં નયણારે ॥ દુરિજનનાં મીઠાં વયણારે ॥ ઘડિ સ્પાર તણી ચાંદરાણીરે પછે ઘોર અંધારી રયણીરે ॥ ૫ ॥ સંસાર સ્વરૂપને દેખીરે ॥ મેં જાણી તુજ ને ઉવેખીરે ॥ કોઈ વાસ્રને તાજુવે તોલેરે ॥ પવને કન કાચળ ડોલેરે ॥ ૬ ॥ રવી ચંદ્ર ચારને ચુકેરે ॥ જળધી મર્યાદા મુકેરે ॥ અલોકમાંહે હોય જાવુરે ॥ પણ હું તુજ હાથ ન આવુરે ॥ ૭ ॥ પુરવે રમીયા રંગ રાગેરે ॥ આ

જ તું પગ માજડી તાણરે ॥ પેહેલા તો કાંઈ ન હોતુંરે ॥ હવે સંજમ લાગ્યું છે મીઠુંરે ॥ ૮ ॥ માય બાપને મેં પરી હરીયાંરે ॥ માત તાત નવાં મેં કરીયાંરે ॥ તજી બાંધવ કુડી સગાઈરે ॥ મેં કીધા નવા દશ ભાઈરે ॥ ૯ ॥ દો ય નામ છે મીત્રસાળીરે ॥ પરણી ધરણી લટકાળીરે ॥ વીણું તેજ દીપક અજુઆળેરે ॥ સ્પાર સજ્યા તે નીત હાળેરે ॥ ૧૦ ॥ નિત અશન ભોજન જમીયેરે ॥ રસ રં ગભરે ખેર રમીયેરે ॥ સુગ્રી ધુપ ઘટી પ્રગટાવે ॥ તિહાં તાહરૂં કાંઈ ન ફાવેરે ॥ ૧૧ ॥ નવ કોટ વચ્ચે એક ગા મરે ॥ નીતુ રહીએ છે તીણે ઠામરે ॥ સ્વામી થુળીપા સી ર તાજરે ॥ સુભ વીર પ્રભુજી રાજરે ॥ ૧૨ ॥

ઢાળ ૧૩ મી

આવો હરી લાસરીઆ વાલા, એ દેશી.

કોસ્યા કહે સુણજ્યો સુમને ॥ આસ નીરાસ કરશો અમ ને ॥ પ્રીતમજી ન ઘટે તુંમને ॥ ૧ ॥ રસીલા સાથે અમ રમસુ ॥ ઉઠી પ્રભાતે સદા નમસુ ॥ નીત્ય જમાડી પછે જમસું ॥ રસી૦ આં૦ ॥ એહ સગાઈ નવી કરવી ॥ પી ઉ ન ઘટે મતી એ ધરવી ॥ પુરવ નારી પરીહરવી ॥ ૨૦ ૨ ॥ બાર વરસ સુખ સાંભરતાં ॥ સાલે હઈડામાં ખટ કતાં ॥ આજે આંસુડાં ઝરતાં ॥ ર૦ ૩ ॥ માસ આસોડે અ નેક ફુલે ॥ દશ વિધ તરૂ વેલી વળે ॥ વલ્લભ વિરહે દેહ બળે

૨૦ ॥ ૪ ॥ શ્રાવણીઆ સીંચે ધરતા ॥ મોરલડી ટહુકા ક
રતો ॥ ખાંતીલો કામ વસ્સે કરતો ૨૦ ॥ ૫ ॥ ભાદરવે ભ
ર જળ વરસ્સે ॥ પંખી યુગલ માગે ફરસ્સે ॥ વીરહી નારી
કિસ્યું કરસે ૨૦ ॥ ૬ ॥ આસો માસે દીવાળી ॥ સો-
ળ સણગે સુંઆળી ॥ છાંડી થાળી પીઉ ભાળી ૨૦ ॥ ૭
॥ દુધ સીતા સસી ભોજનમાં ॥ કાંતક કેલો તણાં વનમાં
॥ દેખી સાલે ઘણું મનમાં ૨૦ ॥ ૮ ॥ માગસીરે મનમ
થ જાગે ॥ મોહનાં બાણ ઘણાં વાગે ॥ દુખ મોહન મ
ળતાં ભાગે ૨૦ ॥ ૯ ॥ પોસને માસ કરે ધ્યાન સુંકરે સો
ધારી પાન ॥ વલભ વિણ નવ ભેવાન ૨૦ ॥ ૧૦ ॥ મા-
હા માસે ટાઢયો પડસે ॥ સીતળ વાયુ વધુ ખડસે ॥ કામ
અનંગી ઘણુ નડસે ૨૦ ॥ ૧૧ ॥ ફાગુણે ખડખડતી હોા-
ળી ॥ પેહેરી ચરણાને ચોળી ॥ કેસર ઘોળી મળી ટોળી
૨૦ ॥ ૧૨ ચૈત્ર વસંત મધુ રમસે ॥ કોયલ અંબવને ભ-
મસે ॥ તે દીન મુજ સાથે ગમસે ॥ ૨૦ ૧૩ ॥ વૈસાખે સ
રોવર જઈસું ॥ કેતકી ચંદન વન રહિસુ ॥ દેખી ચક્ર
વાક થઈસું ૨૦ ॥ ૧૪ ॥ પંખી પશુ પ્રેમના ભાળા ॥
જાળીએ મહેલ નિસા વેળા ॥ જેઠ બપોરે ભેળી ભળાં
॥ ૨૦ ૧૫ ॥ મોહન માંડવે મહેર કરી ॥ લલીતા દેખી દુખ
ભરી ॥ બારે માસ વિલાસ ધરી ૨૦ ॥ ૧૬ ॥ નાહિક રં
ગ રસ કરસું ॥ ધન ભક્તિ કિલ્લું કરસું ॥ કહે મુનિવીર
જની ભજસું ૨૦ ॥ ૧૭ ॥

ઢાળ ૧૪ મી

આવો આવારે જસોદાના કાન ગોડકી કરીયેર આ દેશી.

મુનિરાજ કહે સુણ વેશ્યા હાવત આવ્યારે ।। દેવા તુજને ઉપદેશ અમા ઈહાં આવ્યારે ।। ૧ ।। ગયો એટલો કાળ વિસેસ કહા નવી કરીયેરે ।। સાહેબીપાનો ઉપદેશ સદા અનુસરીયોરે ।। ૨ ।। જીનધર્મ વસ્યો સીવ નારીના સુખ ચાઓરે ।। કાંયે એ સંસાર અસાર ગયો વ્રત પાઓરે ।। ।। ૩ ।। સંસાર માંહે એક સાર વલભ નારીરે ।। છાંડે તેહેને ધિકાર ગયા ભવ હારીરે ।। ૪ ।। મેં દ્યાનની તાળી લગાઈ ।। નીશાન ગુડાયારે ।। સીળ સાથે કીધી સગાઈ તજી ભવ માયારે ।। ૫।। વાલ્હા એક દીવસરીસાણી હતી તુમ સાથેરે ।। કીમ બોલાવી ચીર તાણી તદા હોય હાથેરે ।। ૬ ।। સુરા પાને ભવી ભવ લોક સ્યું સ્યું ન કરતારે ।। કિંપાક ફુલાસી લોક પછે દુખ ધરતારે ।। ૭ ।। મને વિરહ તણી ખીણ બાર વરસસ માણીરે ।। ઘણી મોહ તણી સુ વાય વલોવસ્યો પાણીરે ।। ૮ ।। તાહરે મોહ જન કરસ્યે બોલ ભોગ ન છુટેરે ।। મંજ્યારી તલપની તોલ તે સેંકું ન તુંટેરે ।। ૯ ।। નાગર નીરદય જાત બોલે મહુંરે ।। કાળજામાં કપટની ઘાત મેં પરતક્ષ દીઠુંરે ।। ૧૦ ।। સુ કહીયે અનાણી લોકને દુખ લાગેરે ।। અડી મહી સાધુના તર

ફોક કહ્યું વીતરાગેરે ॥ ૧૧ ॥ વીતરાગ શું જાણે રાગ રં ગની વાતેરે ॥ આવો દેખાડું રાગનો લાગ પુનમની રાતેરે ॥ ૧૨ ॥ સણગાર તજી અણગાર અમ નીર લોભીરે ॥ નવ કલ્પી કરસુ વિહાર મલી તને ઉભીરે ॥૧૩॥ વાલા બાર વરસ લગે ઠેઠ લાડ લડાવીરે ॥ કિમ નાંખો ધરણી હેઠ મરચે ચઢાવીરે ॥ ૧૪ ॥ કાક તાલીને ન્યાંત નરભવ લાધ્યોરે ॥ થઈ પંચ માહાવ્રતવંત મરૂપરે વાધ્યોરે ॥ ૧૫ ॥ જુઓ નાટિક જો એકવાર નયણ વિકાસીરે ॥ પછે સંજમ લેજ્યો સાર વિચાર વિમાસીરે ॥ સુભાવિર સહેલી બહુતેર નાટિક નયણારે ॥ ગક એક ગાથા અંતર બહુના વયાણારે ॥ ૧૭ ॥

ઢાળ ૧૫ મી

રાજ ઉછવે લાવની એ દેશી

મજન ચોર તિલક આદાંત ગતુર શણગાર સકાર ધરી ॥ મનોહર સીરવર ઓવર ચંબી કૌસંભીકી લાભ કરી ॥ ૧ ચિહુ દિસ બાળી ફુલકી જાળી દીપક માળી જ્યોત વરી ॥ સુર પરણામ સકામ હરામા રામા રંગે ગેલ કરી ॥ ૨ ॥ નવ નવ રંગે છંદ છપૈયા ઉચરીયા રસ ગુણ ભરીયા ॥ ઠમક ઠમક પગ ભુતલ ઠમકે ઝમકે રમઝમ ઝાંઝરીયા ॥ ૩ ॥ રૂપા નંદન કેતકી ચંદન ફુલ અમુલ મલક મલકે ॥ ખલક ખલક કર કંકણ ખલકે ઝલક ઝલક ઝલકી

કા ઝળકે ॥ ૪ ॥ ઝરમર ઝરમર મેહુલો વરસે જળસેં ભ
રી ભરી વાદળીયો ॥ ધનન ધનન ધનઘોર અઘોર ગાજે
રાજે વીજળીયો ॥ ૫ ॥ કુહુક કુહુક અવિવેકા નેકા બે
કાસો રસ જોર ઘને ॥ કુહુક કુહુક રસીલા નીલા કોકી
લા સહકાર વને ॥ ૬ ॥ બહુત પીપાસી મેઘ જલાસી ફૂ
લી વન વાસી વેલડીઓ ॥ પ્રેમ તણા રસ રેલા આપ્યા
પણ થુળીભદ્ર નવી પડીયા ॥ ૭ ॥ ટહુક ટહુક ગીરીકે
કાંઠે કાકર કેતકી મ્હાલે છે ॥ વયરિની પેરે એ વરસાલો
વિરહીને બહુ સાલે છે ॥ ૮ ॥ ધપમ પમા દલકે ધો
કારા કંસ તાલ વિણા અપીરી ॥ તાથેઈ તાથેઈ તાન ન
ચુકે મુકેને તસ હેત ધરી ॥ ૯ ॥ ફરસત પિણતર કુતબ
બુનલ ચંચળ અંચળ કર લેતી ॥ ગીત રીત મદ મોદ વિ
નોદે ફરક ફરક ફુદડી દેતી ॥ ૧૦ ॥ લલક લલક ઢળકતી
કાયા કાચટલા પાએ છાયા ॥ જીવનકે ફરી નેહ ઉપાયા
બાચન વદ કરતી આયા ॥ ૧૧ ॥ પ્રીતમ પ્રેમકી વાત પી
આરો ભમન ભમન રોતો ભમરો ॥ દેખો કેતકી ભરમે
લોટિત પંડીત પુછત કાંઈ કરો ॥ ૧૨ ॥ ભમર કહે આપ
દેહ દહે એક વિરહે કેતકી નારી તણે ॥ તસ રક્ષાયે વિરહે
સમસુ રમસુ નહી મરએ દમણે ॥ ૧૩ ॥ કહે કવીતા
સાંભલતા સબ તનુ પીળી પુંઠ કિસ્સુ કીધી ॥ પ્રેમકી એ
ટ લગી આપ બહુલી તાસ ઉપર હળધી દીધી ॥ ૧૪ ॥
કર મીત બદને લટકે ચટકે મટકે નવી અટકે રાગે ॥

મીતકી રીત અનોપમ નાટીક કરતાં પ્રેમધા ના માગે ॥ કહે મુની હેલી સુણો અલબેલી નાટીક નવી કરતાં આવે ॥ શ્રી સુભ વીર વજીર પસાએ ભવ નાટીક સુણજ્યો ભાવે ॥ ૧૬ ॥

ઢાળ ૧૬ મી.

દેશી મોરલાની

મેધ રાગ ઉભૈરવ રાત્રે ॥ કરીયારે ઉદયની વેળા ॥ મા લવ કોશીકા ॥ પહોર સમે મદપાને હીંડોળો દીપકરે ॥ પાછલે પોહોરે શ્રી ઉપદેસી ॥ કાનાટિક મ ન દીઠું એ તોલે સીકા ॥ ૧ ॥ સંસારે વસી ઉરાગે ॥ તાણીઉ ભવ હારે રસીયો ॥ જાતે વાણીઉ વગડાનો વાસી ॥ આસી પ્રાણીઓ અવીનાસી ॥ નીકાસી ધરમ ન જાણીયો ॥ આંકણી ॥ ચોદ રાજ ચઉટામાં વેશ બનાવેરે ॥ મિથ્યાત્વે સુરિ રાત્ર અંધારીયો સુક્ષ્મ ॥ બાદર પજ અપજ નીગોદ રે ॥ નાટિકમાં ન ભુલ્યો મોહે મારીયો ॥ નાઠાની ન દીઠી એકે બારીયો ॥ ૨ ॥ સં૦ બ૦ વ૦ આ૦ વિગલેદ્રી પંચેદ્રી થયો અનુક્રમેરે ॥ રૂપ દયાની દો ભાગી વળી સો ભાગીયો બાળક દાવિક કરાલકંદા ભુપાળોરે ॥ અવિવેકી પંડિત રસનો રાગીયો ॥ રમણીને રંગે કોઈ દીન લાગીયો ॥૩॥ સં૦ બ૦ વ૦ આ૦ જનરંજન ઉપદેસે ઉદરને ભરીઉરે ॥ ભોગીને જોગી વેષ બનાવીઉ નાગરને ચંડાળ થઈ ભર

પોતુરે ॥ દોતુરે આગે દાસ કહાવીચું ॥ સોધીનો વેશ કહા
નવી લાવીઉ ॥૪॥ સં૦ બં૦ વ૦ અ૦ ॥ માતને બેન થયા
નારી તિમ માતોરે ॥ ભ્રાતને તાત હુઆ સંતાનમાં ॥ ભુ
અંડળ ઠાકુરિયો થઈને બેઠારે ॥ સુણજ્યોરે સોને કોશ્યા
કાનમાં એકલડો રોચો કોઈ દીન રાનમાં ॥ ૫ ॥ સં૦
બં૦ વ૦ અ૦ ॥ ચઉદ પુરવધર પોહતા તે સુરલોકેરે ॥
પુરવ સુત દેશ થકી સંભારતા ॥ ચરણ ધરમ ધરવાની તાસ
ન શકુતીરે ॥ વિષયા કુળ ચિતે સુખને શોવતા ॥ અનુગા
મી અવધાનાણી હેવતા ॥ ૬ ॥ સં૦ બં૦ વ૦ અ૦ ॥
લિગ અનંતા ધરિયા કામ ન કરીયારે ॥ હોળીનો રાજ
ગુણ વિણ સંજમી નવ વિધ જીવની હીંસા નીંદય કીધારે
॥ વાસુદેવ ચક્રી ચઉદ રતન વમી નારકીમાં પોહતા ગુણી
જનને દમી ॥ ૭ ॥ સં૦ બં૦ વ૦ અ૦ ॥ જાતીસમરણ
નાણે નારકી જાણેરે ॥ પુરવ ભવ કેરો સુખની વારતા દશ
વીધ વેદન છેદન ભેદન પામોરે ॥ આહુને પાળી તિર્યંચે
જતા માતાને પુત્ર વિવેક ન ધારતા ॥ ૮ ॥ સં૦ બં૦ વ૦
અ૦ શ્રી સુભ વીર ગુરૂનાં વયણ રસાળાંરે ॥ સાંભળતાં
વેશ્યા ચિત ઉપસામીચું ॥ ત્રિકરણશ્યું ગંઢી ભેદ કરંતારે ॥
મીથ્યાત અનાદી કેરૂ વામીચું કોશ્યાચે સુધુ સંગકીત પા
મીયુ ॥ ૯ ॥ સં૦ બં૦ વ૦ અ૦ ॥

ઢાળ ૧૭ મી.

ક્રસન સખુણાં નાથ મારે ઘેર આવોને. એ દેશી.

મીથ્યાત વામીને કોશ્યા સમકિત પામીરે ॥ હર્ષ થયો અતી રેક વાલા ॥ પારસ લોહ વિવેક વાલા ॥ વ ચન કહે શા છેક વાલા ॥ આશ્રવ તે સંવર થયોરે ॥ માહારે સુણો મુનીરાય વાલા ॥ લાછલદે ધન માય વાલા ॥ ધન ધન તુમ ગુરૂરાય વાલા ॥ ૧ ॥ ધન ધન એ ચીત્રશાળી રસાળજ મારેરે ॥ સમકીત મુળ વ્રત બાર વા લા ॥ સાધુજી પાસે સાર વાલા ॥ ઉચરીયા ધરી પ્યાર વાલા ॥ કરે સામાયક નીત પ્રતેરે ॥ ચોમાસુ વહી જાય વાલા ॥ સાધુ વિહાર કરાય વાલા ॥ કોશ્યાને દુખ થાય વાલા ॥ ૨ ॥ જુએ ગુરૂજી વાટ અમે હવે જઈશુંરે ॥ પુજજ્યો જિન જયકાર વાલા ॥ પાળજ્યો વ્રત બાર વા લા ॥ ટાળજ્યો અતીચાર વાલા ॥ એમ શીખામણ દેઈ કરીએ ॥ ચાલંતાં અણગાર વાલા ॥ કોશ્યા આંસુ ધાર વાલા ॥ ધર્મ સ્નેહનો પ્યાર વાલા ॥ ૩ ॥ દુઃકર દુઃકરકાર કહે ગુરૂરાયારે ॥ સીંહ ગુફા મુની ભેદ વાલા ॥ દુઃકરકાર ઉમેદ વાલા ॥ ચાલ્યા ગુરૂ વચ છેક વાલા ॥ કામણગારી વિલોકતાંરે ॥ ચળીયા કામને વેશ વાલા ॥ કોશ્યાને ઉપ દેશ વાલા ॥ થીર કીધા મુની વેશ વાલા ॥ ૪ ॥ રથકાર પ્રતિબોધ લહયો કોશ્યાથીરે ॥ પંચ માહાવ્રતધાર વાલા ॥

પામ્યો સુર અવતાર વાલા ॥ કોશ્યાને ઉપગાર વાલા ॥ કોશ્યા ધર્મે કરીને ગઇરે ॥ સુખ ગતી અવતાર વાલા ॥ અલ્પ કરચો સંસાર વાલા ॥ ધન ધન એ જગ નાર વાલા ॥ ૫ ॥ આઠ વરસમાં આઠ પુરવ મુની ભણીયારે ॥ એમ નીત નીત અભ્યાસ વાલા ॥ ભદ્રબાહુ ગુરૂ પાસ વાલા રેહેતા ગુરૂ કુળ વાસ વાલા ॥ અરથ થકિ ચઉદપુરવ ભણ્યારે ॥ કોઈ કહે દસ સાર વાલા ॥ સુત્રે અતિમન્યાર વાલા સુત કેવળી નીરધાર વાલ ॥ ૬ ॥ ત્રીસ વરસ ઘરવાસ વિલાસે વસીયારે વરસ વ્રતે ચોવીસ વાલા ॥ યુગપ્રધાની ચાલીસ વાધા ॥ આયુ નવાણુ વરીશ વાલા ॥ શ્રી સુભવીર પ્રભુ થકીરે વરસ પંનર સતહોય વાલા ॥ સુરલોકે સુર હોય વાલા ॥ એ મુની સમ નહી કોય વાલા ॥ ૭ ॥

ઢાળ ૧૮ મી.

પ્યારા સરદ પુનમનો રાતરંગ ભરે રમીએ મલારે.

એ દેશી.

ગાયો ગોત્ર ગુણ દ રસ વૈરાગ્ય ઘણો આણ્યોરે ॥ મુની વરલા રકભાએ ચઉદ થુણીયો લાછલદે જાયોરે ॥ ૧ ॥ ચોરાસીમો ચોવીસીચે એક મુની થુલીભદ્ર સમા થાસેરે ॥ તાસ પટતર વ્રતની ટેક ગુણીજંન જિન મુખથી ગાસેરે ॥ ૨ ॥ તપગછમાં કેસરીયો સિંહ સિંહ સુરી સુતજળ દરીયોરે ॥ સત્ય વીજય સંવેગીની રીહ કપુરસમુ જલ ગુણ ભરીયારે ॥

૩ ॥ ખિમા વિજય વસી ઊપસાંત સુજસ વિજય અંતે વા સીરે ॥ પંડીત શ્રીસુભ વિજય મહંત જગ જિનમત થિર- તા વાસીરે ॥ ૪ ॥ તાસ વિનયે એ અણગાર શાસ્ત્ર તણી સાખે ધ્યાયોરે ॥ સહેસ અઢાર સીલંગના ધારી ઢાલ અ- ઢાર કરી ગાયોરે ॥ ૫ ॥ અઢારસે પાસેઠ સુદ પોસ બારસ ગુરૂવારે ધ્યાઈરે ॥ રાજનગર મુનીવર નીરદોસિ સીયલવેલી એમ ગાઈરે ॥ ૬ ॥ ધર્મ માહોછવ સમ શાસ જોઇ નર- નારી સુણસે ભણસેરે ॥ કહે કવીવીર વિજયનીજ તેહ સુ- ચી વીમળા કમલા વરસેરે ॥ ૭ ॥ ઈતિશ્રી થુલિભદ્ર મુ નીની સીયલવેલ સંપુર્ણ ॥

શ્રી થુળિભદ્રજીની સજ્ઝાઓ.

શ્રી થુળીભદ્ર મુની ગુણમાં શીરદારજો ॥ ચોમાસુ આ વ્યા કોસ્યાને ઘેરજો ॥ ચિત્રામણશાળાયે તપજપ આદરયો જો ॥ આદરીયા વ્રત આવ્યાછો અમ ઘેરજો ॥ સુંદરી સુંદર ચંપકવરણી દેહજો ॥ હુગ તુમ સરીખા મળો આ સંસારમાંજો ॥ ૧ ॥ સંસારે મેં જોયું સકળ સ્વરૂપજો ॥ દરપણની છાયામાં જેવું રૂપજો ॥ સુપનાની સુખલડી ભુખ ભાગે નહીજો ॥ ૨ ॥ ના કેહેશો તો નાટિક કરશું આજ જો ॥ બાર વરસની માયા છે મુનીરાજજો ॥ તે છોડી છોડી કેમ જાઉ હું આશા ભરીજો ॥ ૩ ॥ આશા ભ રીયા ચેતન કાળ અનાદીજો ॥ ભમીયો ધર્મને હેણ પચો

પરમાદીજો ॥ ન જાણી મેં સુખની કરણી જોગ-ણીજો ॥ ૪ ॥ જોગી તો જંગલમાં વાસા વશીયાજો ॥ વેશ્યાને મંદીરીયે ભોજન રશીયાજો ॥ તુમને દીઠા હેવા સંજમ સાધતાજો ॥ ૫ ॥ સાધશું સંજમ ઈછારોધ વિચારીજો ॥ કુરમાં પુત્ર થયા નાણી ઘરબારીજો ॥ પાણી માંહી પકજ કોરૂ જાણીયેજો ॥ ૬ ॥ જાણીયે તો સઘળી તુમારી વાતજો ॥ મેવા મીઠા રસવંતા બહુ જાતજો ॥ અમ્રર ભુખણ નવ નવલી ભાતે લાવતાજો ॥ ૭ ॥ લાવતા તો તું હેતી આદરમાનજો ॥ કાયા જાણે સંધારંગ સમાનજો ॥ ઠાલીને શી કરવી હેવી પ્રીતડીજો ॥ ૮ ॥ પ્રીતલડી કરતાને રંગ ભેર રંજજો ॥ રમતાને દેખાડંતા ઘણું હેતજો ॥ રીસાવી મનાવી મુજને સાંભરેજો ॥ ૯ ॥ સાંભરે તો મુનીવર મનડું વાળજો ॥ ઢાંકયો અગની ઉઘાડે પરજળેજો ॥ સંજમ માંહી એછે દુષણ મોટકુજો ॥ ૧૦ ॥ મોટકુ આપ્યું તું નંદનું તેડુંજો ॥ જાતા ન વહે કાંઈ તુમારૂ મનડુંજો ॥ મેં તુમને ત્યાં ડોલ કરીને મોકલ્યાજો ॥ ૧૧ ॥ મોકલ્યા તો મારગ માંહી મળીયાજો ॥ સંભુતી આચારજ સાને બળીયાજો ॥ સંજમ દીધું સમકીત તેણે શીખવ્યુંજો ॥ ૧૨ ॥ શીખવ્યું તો કહી દેખાડો અમનેજો ॥ ધર્મ કરંતા પુન્ય વડેરૂ તમનેજો ॥ સમતાને ઘેર આવી વેશ્યા એમ વદેજો ॥ ૧૩ ॥ વદે મુનીસર સંખાને પરીહારજો ॥ સમકીત મુળે શ્રાવકનાં વ્રત બારજો ॥ પરણાતી પાતાદીક થુળથી ઉચરે

જો ॥ ૧૪ ॥ ઉચરે તો વીત્યું છે ચોમાસુજો ॥ આગ્યા લઈને આવ્યા ગુરૂની પાસેજો ॥ સુતનાણી કેહેવાણા ચોદ પુરવીજો ॥ ૧૫ ॥ પુરવી થઈને તાર્યા પ્રાણી અનેકજો ॥ ઉજળ ધ્યાને તે ગયા દેવલોકજો ॥ રીખભ કહે નીત તેને કરીયે વંદનાજો ॥ ૧૬ ॥

તિરથ ત નમુરે એ દેશી.

શ્રી મહાવીર જીનેસરૂ ॥ ત્રિભુવન ગુરૂજી ॥ તસુ અનુક્રમ પટ ધાર ॥ ૧ ॥ શ્રી થુળીભદ્ર નમો ॥ એ આંકણી ॥ પાડળીપુર સોહામણું ॥ મહી મંડણજી ॥ તિહાં પાંચો અવતાર ॥ શ્રી૦ ૨ ॥ નંદન નરીંદ મંત્રીસરૂ ॥ ગુણ આગરૂજી ॥ શ્રીસકડાળ સુપુત્ર ॥ શ્રી૦ ૩ ॥ લાછલદે નંદન ભલો ॥ મુની ગુણ નીલોજી ॥ નાગર દ્વીજ કુળ દીપ ॥ શ્રી૦ ૪ ॥ શ્રી સંભુત વિજય ગુરૂ ॥ પુરવ ધરૂજી ॥ વ્રત લીધાં તસુ પાસ ॥ શ્રી૦ ૫ ॥ કોસ્યા વેસ્યા પ્રતિબોધવે ॥ સસદ ગુરૂ લવેજી ॥ દુક્કર દુક્કર કાર ॥ શ્રી૦ ૬ ॥ ચોદ પુરવ શિસ્યા મળી ॥ શુત કેવળીજી ॥ શ્રી ભદ્રબાહુ સમીપ ॥ શ્રી૦ ૭ ॥ સંજમ પાળ્યો નીરમળો ॥ ત્રીવિધે ભલોજી ॥ જંગમ જુગ પરધાન ॥ શ્રી૦ ૮ ॥ પંચ માસ પંચ દિન સહી ॥ ઉપર કહીજી ॥ વરસ નીવાણું આવ ॥ શ્રી૦ ૯ ॥ કરી અણુસણ આરાધના ॥ સુભ ભાવનાજી ॥ પુહતા સ્વર્ગ મઝાર ॥ શ્રી૦ ૧૦ ॥ ચુલસી ચો

વીસી લગે ॥ જસ ઓગમગેજી ॥ રહિસ્યે જેહનો નામ ॥ શ્રી૦ ૧૧ ॥ વસુ યુગ વસુ ચંદ્ર વછરે ॥ પાડળી પુરેજી ॥ જસુ પદ થાપના કીધ ॥ શ્રી૦ ૧૨ ॥ વાચક અમૃત ધર્મનો ॥ શિષ્ય સુભ મનોજી ॥ સીસ ક્ષમા કલ્યાણ ॥ શ્રી૦ ૧૩ ॥

ચાંપો મોર્યોહે આંગણે ॥ પરિમલ પુંહવી ન માય ॥ પાસે ફુલીહે કેતકી ॥ ભમર રહ્યોહે લોભાય ॥ ચાં૦ ॥ ૧ ॥ આવો થુલિભદ્ર વાલાહા ॥ લાછલદેના હો નંદ ॥ તુમસું મુઝ મન મોહીઓ ॥ જિમ સાયરને ચંદ ॥ ચાં૦ ॥ ૨ ॥ સુગણ સાથેહે પ્રીતડી ॥ દિન દિન અધિકીહો થાય ॥ જિહો રંગ મજીઠનો ॥ ધોયે ચટક ન જાય ॥ ચાં૦ ॥ ૩ ॥ નેહ વિહુણાહે માણસાં ॥ જેહવાં આવલ ફુલ ॥ દીસંતાં રળીયામણાં ॥ પણિ નવિ પામેહે મુલ ॥ ચાં૦ ॥ ૪ કોયલડી ટહુકા કરે ॥ અંબ લહેકેરે લુંબ ॥ થુળીભદ્ર સુરતરૂ સારિખો ॥ કોસ્યા કણુયર કંબ ॥ ચાં૦ ૫ ॥ થુળીભદ્ર કોસ્યાહે પ્રુઝવી ॥ દિધો સમકીત સાર ॥ રૂપ વિજય કહે સોલથી ॥ લહિયે સુખ અપાર ॥ ચાં૦ ૬ ॥

ભરત બાહુબળની સઝાય.

દુહા.

સ્વસ્તી શ્રી વરવા ભણી ॥ પ્રણમી રીષભ જીણંદ ॥

ગાસુ તસ સુત અતુળીબળ ॥ બાહુબળ મુની ચંદ ॥ ૧ ॥ ભરતે સાઠ સહસ્ત્ર વરસ ॥ સાધ્યા ખટ ખંડ દેશ ॥ અતી ઓછવ આણંદસુ ॥ વીનતા કીધ પ્રવેશ ॥ ૨ ॥ ચક્ર રતન આવે નહી ॥ આયુદ્ધશાળા માંહ ॥ મંત્રીસ્વર ભરતને તદા ॥ કહે સાંભળ ભુવીનાહ ॥ ૩ ॥ સ્વામી તેં નિજ ભુજ બળે ॥ વસ કીધા ખટ ખંડ ॥ પણ બાહુબળ ભ્રાતનો ॥ નવિ દીઠો ભુજ ડંડ ॥ ૪ ॥ સુરનર માંહી કો નહી ॥ તસ જીતણ સમરથ ॥ તો પ્રભુ તુમ બળ જાણસ્યું ॥ સહસ્ત્રો તસરસ હથ ॥ ૫ ॥ સુણીને મંત્રી વયણ ઇમ ॥ ચક્રી હુઓ સતેગ ॥ બાહુબળ ભણી મોકલ્યો ॥ નામે દુત સુવેગ ॥ ૬ ॥ ભટરથ હયવર થાટસુ ॥ દુતે કીધ પ્રયાણ ॥ સુકન હુઆ અણુ વાંકડા ॥ પણ સ્વામીની આણ ॥ ૭ ॥ બહુ જોજન ઓલંગી ખરા ॥ આવ્યો બહુલી દેશ ॥ કોઇ બાહુબળ વીના ॥ જાણે નહી નરેશ ॥ ૮ ॥ તીપસલા નગરી જિહાં ॥ બાહુબળ ભો મંદ ॥ દુત વેગે જઈ તીહાં ॥ પ્રણમ્યા પાય અરવીંદ ॥ ૯ ॥ બાહુબળ પુછે કુસળ ॥ ભરત તણા પરીવાર ॥ ચતુરાઇસુ દુત તવ ॥ બોલે બોલ રસાળ ॥ ૧૦ ॥ આસન અરધો બેસવા ॥ આપે સુરપતી જાસ ॥ લક્ષ જક્ષ સેવા કરે ॥ જગત કરે જસ આસ ॥ ૧૧ ॥ હેલે જીતા ખટ ખંડ ॥ અદ ન પોહોત્યો કોય ॥ રિષભ દેવ સાનીધ કરે ॥ તસ કેમ કુસળ ન હોય ॥ ૧૨ ॥ પણ

પ્રભુ તુમ આવ્યા વીના ॥ માને સકળ નીરથ ॥ કામ ન હી હવે દીલનું ॥ સેવો પ્રભુ સમરથ ॥ ૧૩ ॥ નહી તો જો તે કોપસે ॥ કોઈ ન રેસે તીર ॥ તસ ભુજ દંડ પ્રહાર એક ॥ સહસે તુજ શરીર ॥ ૧૪ ॥ એ સેના વળી રીષ એ ॥ તીહાં લગે જાણો સરવ ॥ જ્યાં લગે તે કોપ્યા નહી ॥ મુકો તે બાણી ગરવ ॥ ૧૫ ॥

ઢાળ. રાગ બંગાળ.

જારેસુ તુજ મારૂ દુત ॥ બાહુબળ બોલે થઈ ભુત ॥ રાજા નહો ગણે ॥ કોપે ચડચો હું તાહરો નહી ॥ એક મુઠે ધરૂ ધરતી માંહી ॥ રા૦ ૧ ॥ હું તો જાણતો તાત જી જેમ ॥ ભાઈપણાનો જાણ્યો પ્રેમ ॥ રા૦ ॥ તેહુજ મારો કહેજે ગુજ્ય ॥ જો બળ હોય તો કરજે ઝુઝ ॥ રા૦ ૨ ॥ દેઈ ગળોથો કાઢ્યો દુત ॥ વીળખો થઈને વની તાએ પહુત ॥ રા૦ ॥ સંભળાવ્યો સઘળો વરતાંત ॥ કોપે ભરતપતી જેમ કૃતાંત ॥ રા૦ ૩ ॥ રણભંભા દેવરાવી જામ ॥ સેના સજી હુઈ સઘળી તામ ॥ રા૦ ॥ કોડ સવા નીજ પુત્ર સકજ ॥ રણ રશીયા હુઆ સઘળા સજ ॥ રા૦ ૪ ॥ લાખ ચોરાશી ગજવર રાજ ॥ ઘોડા સંહે ચોરાશી સાજ ॥ રા૦ ॥ લાખ ચોરાશી રથ વળી જાણ ॥ લાખ ચોરાશી ધુરે નીશાન ॥ રા૦ ૫ ॥ પાયક છનું કોડ કુમાર ॥ વિદ્યાધર કિંનર નહી પાર ॥ રા૦ ॥ એમ સુભટની

કડાકડ ॥ રણ રસ વાધે હોડાહોડ ॥ રા૦ ૬ ॥ પ્રથવી કંપે સેન્યા પુર ॥ રજશું છાયા સશીને સુર ॥ રા૦ ॥ સોળ લાખ વાજે રણતુર ॥ ચાલે ચક્ર તે સેન્યા પુર ॥ રા૦ ૭ ॥ પહોલા બહુળી દેશની સીમ ॥ સુણી બાહુબળ થયો અતી ભીમ ॥ ર૦ ॥ ત્રણ લાખ બાહુબળના પુત્ર ॥ ક્રોધે ચડયા જાણે જમ દુત ॥ રા૦ ૮ ॥ સેન્યા સમુદ્ર તણુ અનુહાર ॥ તે કેતાં નવી આવે પાર ॥ રા૦ ॥ ચક્રીસર ની સેન્યા સર્વ ॥ તૃણ જેમ ગણતો મોટે ગર્વ ॥ રા૦ ૯ ॥ પહેરી કવચ અસવારી કીધ ॥ બાહુબળ રણ ડંકા દીધ ॥ રા૦ ॥ ભરતે પહેર્યો વજૂ સનાહ ॥ ગજરત્ને ચડયો અધીક ઉછાહ ॥ રા૦ ૧૦ ॥ બેહુ આવ્યા સામા સેન્ય ॥ કંપ્યો ગગને પ્રથવી જેણ ॥ રા૦ ॥ ઘોડે ઘોડા ગજે ગજ રાજ ॥ પાળે પાળા અડે રણ કાજ ॥ રા૦ ૧૧ ॥ ઝળકે ભાલા તેમ ખડગ ॥ તીરે છાયો ગગનનો મગ ॥ રા૦ ॥ સુર સુભટ ભડે તેમ ॥ નાંખે ઉછાળી ગજ કાંકર જેમ ॥ રા૦ ૧૨॥ રૂધીર નદીઓ વહે ઠામો ઠામ ॥ બાર વરસ ઈમ કીધો સંગ્રામ ॥ રા૦ ॥ બેમાંહી કોઈ ન હાર્યા જામ ॥ ચમર સુધરમ ઈંદ્ર આવ્યા તામ ॥ રા૦ ૧૩ ॥ તાતજી સૃષ્ટી કરી છે એહ ॥ કાં ક્ષય પમાડો તુમે તેહ ॥ રા૦ ભાઈ દોય અડો રણબાર ॥ જિમ ન હોય જનનો સંહાર ॥ રા૦ ૧૪ ॥ માન્યું વચન બે ભાઈ જામ ॥ દેવે થાપ્યા પાંચ સંગ્રામ ॥ રા૦ દ્રષ્ટી ૧ વચન ૨ બાહુ ૩ મુષ્ટ ૪ ને દંડ ૫ ॥ બે ભાઈ કરે યુધ પ્રચંડ ॥ રા૦ ૧૫॥

દુહા.

અનમીષ નયને જોવતાં ॥ થઈ ઘડી એક જામ ॥ ચક્રીને નયને તુરત ॥ આવ્યાં આંસુ તામ ॥૧॥ સિંહનાદ ભરતે કરયો ॥ જિમ ફુટે બ્રહ્મંડ ॥ બેહાનાદ બાહુ બળે ઘ

તેણે હાંકર્યો અતિ ચંડ ॥ ૨ ॥ ભરતે બાહુ પસારીઓ ॥ તે વાળ્યો જેમ કંબ ॥ વાનર જીમ હીંચે ભરત ॥ બાહુ બળ ભુજ લંબ ॥ ૩ ॥ ભરતે મારી મુઠી એમ ॥ બાહુ બળ સીર માંહિ ॥ ઝાંખો લગે બાહુબળ ॥ ધરતી માંહી જાય ॥ ૪ ॥ ગગન ઉછળી બાહુબળે ॥ મુઠી એહવી મુઠ ॥ પેઠો ભરતેસર તુરત ॥ ધરતી માંહી આકંઠ ॥ ભરત ડંડે બાહુને ॥ ચુરર્યો મુગટ સનુર ॥ ભરત તણો બાહુબળે ॥ કીયો કવચ ચકચુર ॥ બોલ્યા સાચો દેવતા ॥ હારર્યો ભરત નરેસ ॥ બાહુ બળ ઉપર થઈ ॥ પુલવ્રષ્ટિ સુવિસેસ ॥ ૭ ॥ ચક્રી અતી વલખો થયો ॥ વાળ્યા ચુકયો તામ ॥ બાહુબળ ભાઈ ભણી ॥ મુકયો ચક્ર ઉદામ ॥ ૮ ॥ ઘરમાં ચક્ર ફરે નહી ॥ કરી પ્રદક્ષણા તાસ ॥ તેજે જલ હલતો થકો ॥ આવ્યો ચક્રી પાસ ॥ ૯ ॥ બાહુબળ કોપે ચડ્યો ॥ જાણે કરૂં ચકચુર ॥ મુઠ ઉપાડી મારવા ॥ તવ ઉદયો દયા અંકુર ॥ તામ વિચારે ચીતમેં ॥ કેમ કરી મારૂં ભ્રાત ॥ મુઠ પણ કેમ સંહરૂ ॥ આવી જની હોય વાત ॥ ૧૧ ॥ હસ્તી દાંત જે નીસર્યા ॥ તે કીમ પાછા જાય ॥ ઈમ પોતાના કેસનો ॥ લોચ કરે નરરાય ॥ ૧૨ ॥

ઢાળ.

ઈમ ધનોધણને પરિચાવે એદેશી.

તવ ભરતેસર વિનવેરે ભાઈ ॥ ખમ ખમ મુજ અપરાધ ॥ હું આછોને ઉછાંછળોરે ભાઈ ॥ તુતો છે અતિહે આધારે ॥ બાહુબળ ભાઈ ધુકુર્યું કીજેવે ॥ ૧ ॥ તુ મુજ શીરનો સેહેરોરે ભાઈ ॥ હું તુજ પગની ખેહ ॥ એ સવી રાજ છે તાહરૂંરે ભાઈ ॥ મન માને તસ દેહરે ॥ બા૦ ધુ૦ ૨ ॥ હું અપરાધી પાપીઓરે ભાઈ ॥ કીધાં અનેક અકાજ ॥ મેં

મ વસે મુકાવીઆરે ભાઈ ॥ ભાઈ અઠ્ઠાણુંનાં રાજરે ॥ બા૦ ધ્રુ૦ ૩ ॥ એક બંધવ તુ માહરેરે ભાઈ ॥ તે પણ આહરે એમ ॥ તો હું અપજશ આગળોરે ભાઈ ॥ રેસુ જગમાં કેમરે ॥ બા૦ ધ્રુ૦ ૪ ॥ કોડ કહુસ્ચુ તુજનેરે ભાઈ ॥ તાતજી રૂષભની આણ ॥ એક વાર હસી બોલનેરે ભાઈ ॥ કરી મુજ જન્મ પ્રમાણરે બા૦ ધ્રુ૦ ॥ ૫ ॥ ગુનહ ઘ ણો છે માહરારે ભાઈ ॥ બગસો કરી સુપસાય ॥ રાખો ર એ દુહવાણ કીસોરે ભાઈ ॥ લળી લળી લાગુ પાયરે બા૦ ધ્રુ૦ ॥ ૬ ॥ ચક્રીને નયણે ઝરેરે ભાઈ ॥ આંસુડાંની ધાર ॥ તે દુખ જાણે તેહરેર ભાઈ ॥ કે જાણે કીરતારરે બા૦ ધ્રુ૦ ॥ ૭ ॥ નીજ નયરી પહોતા ભણીરે ભાઈ ॥ જાતા ન વળે પાય ॥ હા મુરખે મેં શું કરયુંરે ભાઈ ॥ ઇમ ઉભા પસ્તા મેરે ॥ બા૦ ધ્રુ૦ ॥ ૮ ॥ વ. વ. બ વચન ભરતેસનારે ભાઈ ॥ સુણો નવી રાચ્યા તેહ ॥ ખોટા આહર કેગ ફોરે ભા ઈ ॥ જીમ હાથેલી રેખારે બા૦ ધ્રુ૦ ॥ ૯ ॥ કેવળ લહી મુગતે ગયારે ભાઈ ॥ બાહુ બળ અણગાર ॥ પ્રાતસ મે નીત પ્રણમીએરે ભાઈ ॥ જેમ હોય જય જયકારરે બા૦ ધ્રુ૦ ॥ ૧૦ ॥

કળસ.

શ્રી રિષભ જીન પસાય ઇણી પરે ॥ સંવત સતર એકો તરે ॥ ભાદ્રવા સુદ પડવા દીને ॥ રવીવાર હુલટ ભરે ॥ વી મળવીજે ઉવઝાય સદગુર ॥ સીસ રતન કહે સુભપરે ॥ બાહુ બળ મુનીરાજ ગાતાં ॥ રમાવીજે જય સીરી વરે ॥

સમાપ્ત